**ક્રમાંક-૧૭**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

શુક્રવાર, તા.૧૭મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૦થી ૧૦૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**H3N2 ફ્લૂના ભય અંગે**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ નિયમ-૧૧૬ અન્વયે '' રાજ્યમાં H3N2 ફ્લૂના કારણે શરદી, તાવ, ઝાડા, ઉલટી તેમજ ખાંસીના કેસોમાં થયેલ વધારાના કારણે નાગરિકોમાં H3N2 ફ્લૂનો ભય ફેલાયેલ છે, ત્યારે H3N2 ફ્લૂને ફેલાતો અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૦ પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી. ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૧ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩, માગણી ક્રમાંક-૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪, ૧૫ અને ૧૭ તથા માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯ અને ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રી શામજીભાઇ ચૌહાણ
(૩) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૪) શ્રી કાળુભાઇ ડાભી
(૫) શ્રી મુકેશકુમાર પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયાએ, પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે તથા ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૦, ૭૧ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**વિરામ બપોરના ૨–૨૯થી ૩–૦૦**

૪. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી બાબુભાઇ પટેલે ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડૉ.સી.જે.ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) (૩) શ્રી અમિત ઠાકર

(૨) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી પુનમચંદ બરંડા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

(૩) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ ( નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી અમિત શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

(૪) સભ્ય શ્રીમતી રીટાબેન પટેલે ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા (૩) ડૉ. દર્શના દેશમુખ

(૨) શ્રીમતી માલતી મહેશ્વરી

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ, શનિવાર તા. ૧૮મી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪–૦૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૭મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.